સ.શિ.પ. / માર્ચ ૨૦૦૫ / ૬૦૦

# સત્સંગ શિક્ષણ પરીક્ષા

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧

[સવારે ૯ થી ૧૨] (રવિવાર, ૬ માર્ચ, ૨૦૦૫) [કુલ ગુણ : ૧૦૦]

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

### (વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના)

**પ્ર.૧ નીચેના કોઈપણ બે વિષયો વિષે શાસ્ત્રનાં ત્રણ પ્રમાણ આપો.** (૬)

૧. સર્વ કર્તા-હર્તા સમજવાની આવશ્યકતા
૨. પરબ્રહ્મને તત્ત્વે સહિત ઓળખવા માટે અક્ષરબ્રહ્મની આવશ્યકતા
૩. ભગવાનમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ
૪. પ્રગટને ઓળખ્યા વગર કસર

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** (૫)

૧. ''निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥''
૨. 'જે જે આપણને નવ ગમે, તે જીવ કેમ શકે કરી.'
૩. 'વેદાદિક ચાર શાસ્ત્રે કરીને ભગવાનના સ્વરૂપને સમજે, ત્યારે સંપૂર્ણ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય છે.'
૪. 'જેહ ધામને પામીને પ્રાણી, પાછું પડવાનું નથી રે.'
૫. 'એ વિના રખે જ્ઞાની ગણો, જેણે હરિ નયણે નથી દેખિયા.'

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૪)

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ઉપાસનાનું મહત્ત્વ
(અ) આત્મદર્શન થાય
(બ) મૃત્યુસમય તરાય
(ક) જીવ લડથડે નહિ
(ડ) મહાપ્રલય જેવા દુઃખમાં સુખિયો રહે

૨. ધામમાં અને પૃથ્વી ઉપર - બન્ને ઠેકાણે સદા સાકાર
(અ) અંત્ય ૩૭ (બ) પ્રથમ ૩૭
(ક) અંત્ય ૭ (ડ) પંચાળા ૭

**પ્ર.૪ નીચેનો કોઈપણ એક પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો.** (૪)

૧. આ ગુણાતીતાનંદ સ્વામી જમે છે તેમ સૌ જમતાં શીખો.
૨. 'છોકરા, ભગવાન તોળ મા.'
૩. બાપુ રતનજી જૂનાગઢમાં.

**પ્ર.૫ કોઈપણ બે વિષે વિવરણ લખો.** (૮)

૧. ગુણાતીત સંતનાં લક્ષણો
૨. સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ કહેલો પોતાનો અસાધારણ મહિમા
૩. શાસ્ત્રમાં કેટલાય ભક્તો અને અવતારોએ પોતાના માટે પરભાવના- પુરુષોત્તમ ભાવના શબ્દો કહ્યા છે પણ ખરેખર પુરુષોત્તમ તો શ્રીજીમહારાજ જ છે.
૪. ઉત્પત્તિ સર્ગ સમજાવો.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** (૮)

૧. ભગવાન સાકાર છે.
૨. મુક્તાનંદ સ્વામીએ લખ્યું, 'પ્રગટના ભજનથી પરમ સુખ પામીએ, ઉર થકી નાશ પામે અંધારું...'
૩. ભગવત્પ્રસાદજી મહારાજે કેશવજીવનદાસજીને ભગવાં ઉતરાવીને ધોળાં પહેરાવ્યાં.
૪. ઉપાસક તો નિત્યાનંદ સ્વામી જેવા હોવા જોઈએ.

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેનાં વાક્યોની પૂર્તિ કરો.** (૮)
**(ઉપાસનામાં શું સમજવું ?)**

૧. ધામમાં જે પરબ્રહ્મનું ... ... ... ... ... શ્રીજીમહારાજ છે.

૨. અન્ય અવતારો ... ... ... ... ... ભેદ છે.

૩. સગુણપણું ... ... ... ... ... સૂક્ષ્મ છે.

૪. પરબ્રહ્મ ... ... ... ... ... છે.

૫. અક્ષરબ્રહ્મના ... ... ... ... ... અંતે પણ રહે છે.

**(ઉપાસનામાં શું ન સમજવું ?)**

૬. એકલા અક્ષરબ્રહ્મ ... ... ... ... ... ભેળા છે, તેમ ન સમજવું.

૭. સદ્. ગુણાતીતાનંદ સ્વામી ... ... ... ... ... કહી શકાય, તેમ ન સમજવું.

૮. મૂર્તિમાન અક્ષરબ્રહ્મ ... ... ... ... ... તેજ છે, તેમ ન સમજવું.

**પ્ર.૮ દિવ્યભાવ : મનુષ્યરૂપ ભગવાન દિવ્ય છે.** (૫)

**(વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૩ તથા યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ)**

**પ્ર.૯ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૬)

૧. ''અમે ભરૂચનું દાણ માફ કરાવીશું.''

૨. ''મને બધાં ઓળખે, મારે કેમ કરી ભિક્ષા માગવી?''

૩. ''એમને જમાડીને મોકલજો.''

**પ્ર.૧૦ નીચેનામાંથી કોઈપણ બે કારણ આપો.** (૬)

૧. નિત્યાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીના સેવકને ઠપકો આપ્યો. **અથવા**

૧. રઘુવીરજી મહારાજે જાતે રોટલો બનાવ્યો.

૨. શિવલાલ શેઠની સાળીને માઠું લાગ્યું. **અથવા**

૨. યુવાન ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો.

**પ્ર.૧૧ નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૮)

૧. પર્વતભાઈનો સંતો પ્રત્યેનો પ્રેમ **અથવા** ૧. ખુશાલ ભટ્ટનાં ઐશ્વર્યો

૨. નિર્લોભી પ્રમુખસ્વામી મહારાજ **અથવા** ૨. મધરાતે વ્યસન છોડાવ્યાં

**પ્ર.૧૨ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** (૬)

૧. ગ.મ.૫૮ વચનામૃતમાં શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને શી આજ્ઞા કરી છે ?

૨. શિવલાલભાઈએ ગઢડા અને ભાવનગરમાં કયાં મોટાં કામ કર્યાં ?

૩. પર્વતભાઈ કોના ગોલા થવા તૈયાર થયા ?

૪. સારંગપુરમાં ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજીની મૂર્તિ શા માટે પધરાવી ?

૫. 'અક્ષર કોણ ?' – રઘુવીરજી મહારાજે પૂછેલ પ્રશ્નનો ઉત્તર ગુણાતીતાનંદ સ્વામીએ શો આપ્યો ?

૬. ૧૯૮૫માં શરીરમાં તાવ હોવા છતાં સ્વામીશ્રીએ કેટલા દિવસમાં કેટલાં ગામોમાં વિચરણ કર્યું ?

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૬)

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સ્વામીશ્રીની કરુણાના ઝીલનારા

(અ) ડાહ્યાભાઈ (બ) પ્રશાંત

(ક) સાધુજીવન સ્વામી (ડ) શ્રી કૉગ્સવેલ

૨. નિષ્કુળાનંદ સ્વામીએ કરેલ રચનાઓ

(અ) 'સત્સંગ વિના જન્મમરણ ભ્રમજાળ મટે નહિ જંતને...' (બ) 'સુખદાયક રે સ્વામી સહજાનંદ...'

(ક) 'સુખી કર્યા રે જન જક્તમાં...' (ડ) 'સહજાનંદ હરિ, પ્રગટ થયા સહજાનંદ હરિ...'

૩. કુશળકુંવરબાને કયા કયા સંતોએ વાતો કરી?

(અ) ગુણાતીતાનંદ સ્વામી (બ) પરમચૈતન્યાનંદ સ્વામી

(ક) નિત્યાનંદ સ્વામી (ડ) મુક્તાનંદ સ્વામી

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૪ નીચેના કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** (૨૦)

૧. સ્વામીશ્રીની ધર્મયાત્રા : અનેકનાં જીવનની વસંતયાત્રા

૨. પાશ્ચાત્ય ભૂમિ પર પ્રેમ, પુરુષાર્થ અને પ્રાર્થનાની ફલશ્રુતિ : મંદિર

૩. સુખ-દુઃખમાં સ્થિરતાની ચાવી : સત્સંગ

❊ ❊ ❊